# બ્રિટનના વિઝા માટે ઓનલાઈન અરજી ફરજિયાત

અમદાવાદ, બુધવાર

યુકે બોર્ડર એજન્સી તા. ૫ માર્ચથી વિઝા મેળવનારા લોકો માટે એક નવી વ્યવસ્થા કરવા જઈ રહી છે. તેમાં હવે વિઝા માટેની અરજી માત્ર ઓનલાઈન જ ભરી શકાશે. એક રીતે જોવામાં આવે તો ગુજરાત માટે બ્રિટન શરૂઆતથી જ ખાસ રહ્યું છે.

બ્રિટનના વિઝા મેળવવા માટે આંકડા આધારિત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે. હવે દરેક પ્રકારના વિઝા માટેની અરજી ફરજિયાત ઓનલાઈન બનાવી દીધી છે. આ નવી વ્યવસ્થા તા. ૫ માર્ચથી લાગુ કરી દેવામાં આવશે.



યુકે બોર્ડર એજન્સી (યુકેબી) હવે હાથથી ભરેલા અરજી ફોર્મનો સ્વીકાર કરશે નહીં. અરજીકર્તાએ પોતાના અરજી ફોર્મની હાર્ડકોપી પ્રિન્ટ કરાવીને નજીકના વિઝા એપ્લિકેશન સેન્ટર (વીએસી) પર ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવી પડશે.

■ દરેક પ્રકારના વિઝા માટે આ નવી વ્યવસ્થા પાંચ માર્ચથી લાગુ થશે

■ યુકે બોર્ડર એજન્સી હવે હાથથી ભરેલાં ફોર્મ નહીં સ્વીકારે



તેમણે પોતાની સાથે ફોર્મની પ્રિન્ટ તથા જરૂરી દસ્તાવેજો લાવવાના રહેશે. હાલની જેમ ફિંગર સ્કેન અને ડિજિટલ ફોટોગ્રાફ પણ આપવા પડશે. વિઝા માટેની અરજી ઓનલાઈન થઈ જવાથી વીએસી જવાનો સમય બચી જશે, કારણ કે અરજી બાબતોની બધી જ માહિતી પહેલાંથી જ મેળવીને નોંધાયેલી હશે. વીએસીએ જરૂરી ફીની ચુકવણી પર પ્રીમિયમ બાઉન્જ, ફાસ્ટ ટ્રેક તથા પ્રાઈમ ટાઈમ વગેરેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રીમિયમ બાઉન્જ દેશના ચાર વીએસી પર કાર્યરત છે, જેમાં દિલ્હી, મુંબઈ, ચેન્નઈ અને અમદાવાદનો સમાવેશ થાય છે. એક અનુમાન મુજબ બ્રિટનમાં લગભગ છ લાખ ગુજરાતીઓ રહે છે. તેમાંથી ૬૫ ટકા ગુજરાતી લંડન અને તેની આસપાસ રહે છે. અહીંયા લગભગ ૫૦ હજાર ગુજરાતીઓ ધંધા-રોજગાર સાથે જોડાયેલા છે.

## દીપિકાએ ઘર છોડતાં પહેલાં

# બોયફ્રેન્ડને દોઢ કલાકમાં ૭૯ SMS કર્યા હતા




**સિવિલ એન્જિનિયરિંગની વિદ્યાર્થિની દીપિકાના બોયફ્રેન્ડ વિવેકની પૂછપરછ ગરીબ બાળકોને ઝૂંપડાંઓમાં જઈ ભણાવતા 'પ્રયાસ ગ્રૂપ'ની દીપિકા સભ્ય હતી**

અમદાવાદ, બુધવાર

૧૫ જાન્યુઆરી ૨૦૧૨ના રોજ ઘર છોડીને રહસ્યમય રીતે લાપતા બનેલી દીપિકા પંચાલને શોધવા શહેર પોલીસ જુદા જુદા અનુમાનોના આધાર પર તપાસ ચલાવી રહી છે. દીપિકાએ ઘર છોડતાં પહેલા તેના બોયફ્રેન્ડ વિવેક સાથે દોઢ કલાકમાં ૭૯ એસએમએસની આપ લે કરી હોવાનું બહાર આવ્યું છે.

અમદાવાદ-ગાંધીનગર હાઇવે રોડ પરની એલ. જે. કોલેજ ઓફ એન્જિનિયરિંગમાં સિવિલ ફેકલ્ટીમાં અભ્યાસ કરતી દીપિકા રમેશભાઇ પંચાલ તા.૧૫ જાન્યુઆરીથી ભેદી રીતે લાપતા બની ગઇ હતી. દીપિકાએ ઘર છોડતાં પહેલાં તેના ચશ્મા, મોબાઇલ ફોન સહિત તમામ ચીજવસ્તુઓ ઘરમાં છોડી દીધી હતી. માત્ર સીમકાર્ડ સાથે લઇ ગઇ હતી.

દીપિકાએ હૃદયદ્રાવક ચીઠ્ઠી લખી હતી. જેમાં માતા-પિતાને ઝઘડા નહીં કરી શાંતિથી જીવન ગુજારવા તથા નાની બહેન વૈશાલીને ડોક્ટર બનાવવા અને નાના ભાઇને ભણાવવાની સલાહ આપી હતી.

નાયબ પોલીસ કમિશનર શ્રીમતી પરીક્ષિતા ગુર્જરે મેટ્રોને જણાવ્યું હતું કે દીપિકાના ખાસ માત્ર (બોયફ્રેન્ડ) વિવેકની પૂછપરછ કરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રયાસ ગ્રૂપના સભ્યો, કોલેજમાં સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સહિતના અસંખ્ય લોકોની પૂછપરછ કરવામાં આવી હતી.

દેશભરની પોલીસને દીપિકા પંચાલના ફોટા અને વિગતો મોકલવામાં આવી છે. જ્યારે ઇન્સ્પેક્ટર એમ.બી. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે ઝૂંપડાઓમાં રહેતા ગરીબ બાળકોને શિક્ષણ આપતા પ્રયાસ ગ્રૂપની દીપિકા સભ્ય હતી. તે ગ્રૂપના સભ્યોની પણ પૂછપરછ કરવામાં આવી હતી.

એલ ડી એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતાં વિવેક અને દીપિકાની મુલાકાત મણિનગર બસ સ્ટેન્ડ પર થઇ હતી. ત્યારથી બંને વચ્ચે મિત્રતા કેળવાઇ હતી. દીપિકા ફોન પર જ તેની સાથે સંપર્ક રાખતી હતી. તે રૂબરૂ મળતી ન હતી.

# રૂ.૧.૧૫ કરોડના અંદાજિત ખર્ચ બાદ કેલિકો ડોમ જૂની રોનક પાછી મેળવશે

**બેઝમેન્ટમાં આર્ટ ગેલરી સાથે તાંબાનું કવચ ધરાવતો ડોમ દોઢ વર્ષમાં મુલાકાતીઓને ફરીથી આકર્ષશે**

અમદાવાદ, બુધવાર

ગત તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપથી શહેરમાં અનેક બિલ્ડિંગો પત્તાના મહેલની જેમ કડડભૂસ થઈ ગઈ હતી. આ ભૂકંપથી કોટ વિસ્તારમાં આવેલા કેલિકો ડોમને પણ ભારે નુકસાન થયું હતું. હવે મ્યુનિ. સત્તાવાળાઓએ કેલિકો ડોમની જૂની રોનકને પાછી મેળવવા માટે ચક્ર ગતિમાન કર્યા છે.

રિલીફ રોડ પરના કેલિકો ડોમને ફરીથી ઊભો કરવા મધ્ય ઝોનના ઇજનેર



વિભાગે રૂ. ૧.૧૫ કરોડનો અંદાજ તૈયાર કર્યો છે. આ અંદાજ આધારિત ટેન્ડર સહિતની પ્રક્રિયા બાદ આશરે દોઢેક વર્ષમાં કેલિકો ડોમને નાગરિકો પુનઃ નિહાળી શકશે.

મધ્ય ઝોનના એડિશનલ સિટી ઇજનેર આનંદ પટેલ કહે છે, ''ડોમની જગ્યાની માલિકી તંત્રે મેળવી લીધી છે. ડોમના બેઝમેન્ટમાં આર્ટ ગેલેરી બનાવાશે અને ઉપરના હિસ્સામાં તાંબાનું કવચ ધરાવતો ડોમ બનશે. આનાથી શહેરના હેરિટેજ આકર્ષણમાં વધારો થશે.''

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં કોર્પોરેશને શહેરની દસ ટૂરિસ્ટ સાઇટ્સની પસંદગી કરી છે. ધાર્મિક, પારિવારિક અને સ્વાતંત્ર્યસંગ્રામ એમ ત્રણ વિભાગમાં આ સાઇટ્સને વહેંચી દેવાઈ છે. જેમાં કેલિકો ડોમનો પણ સમાવેશ થયો છે.

# આયા મૌસમ ટ્રીગાર્ડ કૌભાંડ કા

**ચાર ઝોનમાં રૂ. ૧.૧૬ કરોડના ખર્ચે ટ્રીગાર્ડ મૂકવાનો અંદાજ મુકાશે જોકે સત્તાવાળાઓ કહે છે, ટ્રીગાર્ડનું રિપિટેશન રોકવા ડિઝાઈન બદલાશે**



અમદાવાદ, બુધવાર

મ્યુનિ. કોર્પોરેશનમાં નગરસેવકોને પ્રતિ વર્ષ રૂ. ૧૭ લાખ વિકાસના કામો કરવા અપાય છે. ઘણા સંનિષ્ઠ નગરસેવક પોતાના વિસ્તારના નાગરિકોની સુખ સુવિધામાં વધારો કરવા આ રકમનો ઉપયોગ કરે છે પરંતુ કેટલાક લેભાગુ નગરસેવક રકમનો દુરુપયોગ પણ કરે છે. ખાસ કરીને ટ્રી ગાર્ડ મૂકવાના મામલે ગંભીર પ્રકારની ગેરરીતિઓ થતી આવી છે. આવા નગરસેવકોને માટે નવા નાણાકીય વર્ષે ફરીથી ટ્રી ગાર્ડ કૌભાંડની તક ઊભી થઈ છે.

શહેરના છ ઝોન પૈકી મધ્યઝોનમાં રૂ. ૨૦.૫૩ લાખ, નવા પશ્ચિમ ઝોનમાં રૂ. ૨૩.૯૫ લાખ, દક્ષિણ ઝોનમાં રૂ. ૪૧.૦૬ લાખ અને ઉત્તર ઝોનમાં રૂ. ૩૦.૭૯ લાખ મળીને કુલ ચાર ઝોન માટે રૂ. ૧.૧૬ કરોડનો અંદાજ તૈયાર કરાયો છે. આ અંદાજ કરતા ઊંચા ભાવના ટેન્ડરને જોતા રોપાના રક્ષણ માટેના ટ્રી ગાર્ડ પાછળ ચાર ઝોનમાં જ આશરે રૂ. દોઢેક કરોડ ખર્ચાશે.

ટ્રી ગાર્ડના કૌભાંડમાં લેભાગુ નગરસેવકો જૂના ટ્રી ગાર્ડને રંગરોગાન કરાવીને પાછા મૂકતા હોઈ આ કૌભાંડને રોકવા સત્તાધીશો ગત વર્ષની ડિઝાઈનમાં ફેરફાર કરવાના છે. મ્યુનિ. રિક્રિએશનલ કમિટીના ચેરપર્સન બિજલ પટેલ કહે છે, ''અમે ટ્રી ગાર્ડનું રિપિટેશન રોકવા ડિઝાઈન બદલવાના છીએ. આશરે દસેક કિલો વજન ધરાવતું એક ટ્રી ગાર્ડ રૂ. ૬૧૩માં પડશે.''

### ટ્રીગાર્ડમાં નંબરિંગ નગર કૌભાંડ કેવી રીતે અટકશે?

સાંસદો, ધારાસભ્યો, નગરસેવકોના બજેટમાંથી મૂકાતા ટ્રી ગાર્ડને તંત્ર તરફથી કોઈ નંબર જ અપાતો નથી. વોર્ડ વાઇઝ નંબર તો છોડો પણ ઝોન વાઇઝ નંબર પણ હોતો નથી. એટલે ટ્રી ગાર્ડના કૌભાંડ અટકતા નથી.